ધોરણ-૧૦ અને ૧૨મા અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને "છત્રપતિ શાહુજી મહારાજ ખાસ પ્રોત્સાહક ઇનામ"

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SCW/10/2015/561857/G
સચિવાલય, ગાંધીનગર
તા૨૧/૧૦/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: પ૨૫/૧૫૮૯/૧૨૨(૯૧)/જ તા.૩૧/૩/૯૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૨૦૦૦/૪૯૧/ગ, તા.૧/૧૨/૨૦૦૦

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૨૦૦૦/૪૯૧/ગ તા.૬/૬/૨૦૦૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૩૦૬/૧૩૫૭/ગ તા.૧૬/૧/૨૦૦૭

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૦૮/ન.બા-૩૬/ગ, તા.૨૦/૮/૨૦૦૯

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૦૮/ન.બા-૩૬/ગ તા.૧/૯/૨૦૦૯

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૧૪૧૬/ગ તા.૫/૮/૨૦૧૪

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૧૪૧૬/ગ તા.૩૧/૩/૨૦૧૫

સંકલિત ઠરાવ

આમુખમાં દર્શાવેલ ૧ થી ૮ ઠરાવોથી રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે માટે રાજયના સબંધકર્તા બોર્ડની માધ્યમિક શાળાંત પરીક્ષા તેમજ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ઉચ્ચ ગુણવત્તા મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રોત્સાહક ઇનામ આપવાની યોજના છત્રપતિ શાહુજી મહારાજ ખાસ પ્રોત્સાહક ઇનામ" અમલમાં છે.

ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવો હેઠળ રાજયકક્ષાના તથા જિલ્લા કક્ષાના પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓને નકકી કરવામાં આવેલ ઇનામની રકમ અને શરતોની બાબતમાં સંકલિત ઠરાવ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉકત તમામ ઠરાવો નો સમાવેશ કરી નીચે મુજબ સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

(૨) એસ.એસ.સી. બોર્ડની તથા એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓ પૈકી રાજ્યકક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક સહાય ઇનામનું ધોરણ નીચે મુજબ રહેશે.

અ.નં	વિદ્યાર્થીઓનો ક્રમ	ધોરણ-૧૦ ઇનામની રકમ રૂ!.	ધોરણ-૧૨ ઇનામની રકમ રૂ!. ચારેય પ્રવાહ માટે
૧	પ્રથમ	૪૧,૦૦૦/-	૩૧,૦૦૦/-
૨	દ્વિતિય	૨૧,૦૦૦/-	૨૧,૦૦૦/-
૩	તૃતિય	૧૧,૦૦૦/-	૧૧,૦૦૦/-

(૩) બોર્ડની (એચ.એસ.સી.)ની પરીક્ષામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી રાજ્યકક્ષા માટે સામાન્ય પ્રવાહ,વિજ્ઞાન પ્રવાહ,ઉત્તર બુનિયાદીપ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ માટે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અલગ-અલગ ઇનામો આપવાના રહેશે.

(૪) ધોરણ-૧૦ના જિલ્લાકક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને તથા ધોરણ-૧૨માં જિલ્લાકક્ષાએ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ, માટે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ અલગઅલગ ઇનામો આપવાના રહેશે. ધોરણ-૧૦ અને ૧૨ માટે પ્રોત્સાહક સહાય ઇનામનું ધોરણ નીચે મુજબ રહેશે

અ.નં	વિદ્યાર્થીઓનો ક્રમ	ધોરણ-૧૦ ઇનામની રકમ રૂ!.	ધોરણ-૧૨ઇનામની રકમ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે
૧	પ્રથમ	૬૦૦૦/-	૬૦૦૦/-
૨	દ્વિતિય	૫૦૦૦/-	૫૦૦૦/-
૩	તૃતિય	૪૦૦૦/-	૪૦૦૦/-

<u>શરતો:-</u>

(૧) શૈક્ષણિક વર્ષના અંતે લેવાતી બોર્ડની પરીક્ષા (માર્ચ-એપ્રિલ) ના વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળશે. શૈક્ષણિક વર્ષના વચ્ચે (ઓકટોબર-નવેમ્બર) માં લેવાતી પરીક્ષા ઉત્તિર્ણ કરનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે નહીં.

(૨) ઇનામોની સંખ્યાની મર્યાદા નકકી કરતી વખતે એવા પણ કિસ્સા બનવાનો સંભવ રહેશે કે એકજ ક્રમ પર એક શરખા ગુણાંક વાળા એકથી વધુ વિદ્યાર્થીઓ આવી શકે આ સંજોગોમાં આ નિયત કરેલ

સંખ્યા મર્યાદા (એસ.એસ.સી) કિસ્સામાં ત્રણ અને એચ.એસ.સી.ના કિસ્સામાં દરેક પ્રવાહમાં ત્રણ ક્રમાંક પર આવતાં હોય તે ક્રમાંક પર અટકી જવાનું રહેશે. અને તે ક્રમાંક પરના એક સરખા ગુણાંકવાળા બધાજ લાભાર્થીઓને આવરી લઇને તેટલા પુરતા ઇનામોની સંખ્યામાં વધારો કરી શકાશે.

(૩) ઇનામની પ્રાપ્તિ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ તેઓને લાગુ પડતા હોય તે ધોરણ-૧૦ કે ધોરણ -૧૨ની પરીક્ષામાં ઓછામાં ઓછી ૬૦ % ગુણ પ્રાપ્ત કરેલા હોવા જોઇએ.

(૪) રાજયકક્ષાએ એક થી ત્રણ ક્રમે આવાનાર વિદ્યાર્થીઓને રાજયકક્ષાનું ઇનામ આપવાનું રહેશે. પરંતુ તેઓને **જિલ્લાકક્ષાનું ઇનામ મળવાપાત્ર થશે નહીં. વિદ્યાર્થી એકજ ઇનામ લઇ શકશે.**

(૫) આ અંગેનો ખર્ચ જેતે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાંવિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે અને જે તે વર્ષે થયેલ નાણાંકીય જોગવાઇમાંથી કરવાનું રહેશે.

માંગણી નં. : ૯૫ આયોજન
સેકટર : (ખ) સામાજીક સેવાઓ
મુખ્ય સદર : ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ / જન જાતિ અને અન્ય પછાત વર્ગોનુ કલ્યાણ
પેટા મુખ્ય સદર: ૦૧ અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ
ગૌણ સદર : ૨૭૭ શિક્ષણ
પેટા સદર : (૨૩) બીસીકે-૨૯ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને ઇનામો
હેડ ચાર્જેબલ : ૨૨૨૫ ૦૧ ૨૭૭ ૩૬૧
સ્કીમનંબર : ૧૩૭ ૪૨૮

સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર